# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-08-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- આવતીકાલથી વિધાનસભાના ચોમાસુ સત્રનો આરંભ
- વાજબી ભાવની દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવાનો પાઇલટ પ્રોજેક્ટ શરુ... અમદાવાદની 15 દુકાનોને 'જન પોષણ કેન્દ્ર' માં પરિવર્તિત કરાઈ
- કોલકતામાં તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાના મામલે સુપ્રીમ કોર્ટે આરોગ્ય ક્ષેત્રના વ્યવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય કાર્યદળની રચના કરી
- કૃષિમંત્રી રાઘવજી પટેલે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ" ના લાભાર્થીઓને સહાય આપતા જણાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં મૂલ્યવર્ધનની તકો વધી
- રાજ્યના બપોર બાદ અનેક વિસ્તારોમાં વરસાદ .. ડાંગ, અમરેલી, મહિસાગર તેમજ વડોદરા જીલ્લામાં વરસાદ વરસ્યો ... હવામાન વિભાગે બુધવારે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA SATRA

ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે. પંદરમી વિધાનસભાના પાંચમુ સત્ર ત્રણ દિવસનું રહેશે.. આ સત્રના પ્રથમ દિવસની શરૂઆત શોકદર્શક ઠરાવો દ્વારા થશે..

ગુજરાત વિધાનસભામાં પૂર્વ ધારાસભ્યો અને અન્ય રાજકીય આગેવાનોના નિધન અંગે શોકદર્શક ઠરાવ પસાર કરીને તેમને શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે..ત્યારબાદ સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે.. પહેલા દિવસે બે સત્રમાં કામગીરી કરવામાં આવશે. જ્યારે સત્રના બીજા દિવસે સરકારી વિધેયકો રજૂ કરાશે અને ગૃહના કામકાજના સમય દરમિયાન આ કામગીરી અને વિધયકો ઉપર ચર્ચા કરવામાં આવશે. જ્યારે સત્રના ત્રીજા અને અંતિમ દિવસે સરકારી વિધેયકો અને સરકારી કામકાજ કરવામાં આવશે, અને સત્રમાં છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરીને ગૃહનું સમાપન કરવામાં આવશે.

-----------------------

# KAMKAJ SAMITI MEETING

ગાંધીનગરમાં વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની બેઠક અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં મળી હતી. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં સત્રના કામકાજની ચર્ચા કરવામાં આવી હતી.. કાળા જાદુ, યુનિવર્સિટીના સુધારા વિધેયકો, જીએસટીના બિલો એમ કુલ પાંચ બિલો પસાર કરવામાં આવશે, તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેષ પટલે જણાવ્યું હતું.

(બાઇટ – ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

આ અંગે બૃહદ ચર્ચા ગૃહમાં થઈ શકે તેવો સમય હોય છે, ટૂંકી મુદ્દતનું સત્ર હોવાના કારણે ટૂંકા પ્રશ્નો આવરી લેવાયા છે. તેમ ઋષિકેષ પટેલે જણાવ્યું હતું.. જ્યારે કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ સત્ર લંબાવવા માંગ કરી હતી...

(બાઇટ - અમિત ચાવડા, કોંગ્રેસ પક્ષના નેતા, વિધાનસભા)

આવતીકાલથી આ સત્ર શરૂ થઇ રહ્યું છે જે ત્રણ દિવસ સુધી ચાલશે.

----------------

## JAN POSHAN KENDRA

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ વર્ચ્યુઅલ માધ્યમથી વાજબી ભાવની દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવાના પાઇલટ પ્રોજેક્ટનો આરંભ કરાવ્યો હતો..

આ પાઇલટ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવામાં આવી હતી.. દેશનાં ૪ રાજ્યોમાં વાજબી ભાવની ૬૦ દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવામાં આવી હોવાનું કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું.. તેમણે કહ્યું હતું કે આ દુકાનોનો લાભ ગ્રાહકોને જ નહિ દરેક દુકાનદારને પણ મળશે, અમૂલની પ્રોડક્ટ પણ આ દુકાનમાં મળશે.

-----

# SARVAGRAHI KRUSHI VYAVSAY NITI

કૃષિમંત્રી રાઘવજી પટેલના હસ્તે "સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ"ના ૮૨ લાભાર્થીઓને ૧૭ કરોડ રૂપિયાથી વધુની સહાય વિતરણ કરાઈ.

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ (૨૦૧૬-૨૧) હેઠળ નોંધાયેલા કૃષિ ઉદ્યોગ સાહસિકોને સહાય વિતરણ કરવાનો સમારોહ યોજાયો હતો. શ્રી પટેલે લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની મહત્વકાંક્ષી સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવવાથી કૃષિ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન અને નાણાકીય સહાય મળી તેમજ કૃષિ ક્ષેત્રે મૂલ્યવર્ધનની તકો અનેકગણો વધારો થયો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યુ હતું કે, સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અમલમાં આવતા રાજ્યના કૃષિ ઉદ્યોગોમાં મૂડીરોકાણોને વેગ મળ્યો છે. સાથે જ ખેડૂતોની આવકમાં પણ વધારો થયો છે. આ નીતિના માધ્યમથી રાજ્યના અનેક કૃષિ ઉદ્યોગો અને ઉદ્યોગો થકી ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની વધુ તકો ઉભી થઇ રહી છે.

-------------------------------

**Grahak suraksha mandal –kuvarji bavaliya**

રાજ્યમાં ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા અત્યાર સુધીમાં કુલ ૪ હજાર ૩૭૩ ફરિયાદોની મધ્યસ્થી તથા સમજાવટથી ગ્રાહકોના હિતમાં ઉકેલ લાવવામાં આવ્યો છે, તેમ ગ્રાહક સુરક્ષા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રી એ વધુમાં જણાવ્યુ હતું કે, રાજ્યમાં વર્ષ ૨૦૧૦ થી ગ્રાહક સલાહકાર કેન્દ્રો ૨૧ જુદા- જુદા સ્થળે સ્થાપવામાં આવ્યાં હતાં. ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા છેલ્લા ૧ વર્ષમાં કુલ ૬ હજાર ૯ ગ્રાહકોને નિ:શુલ્ક સલાહ તેમજ માર્ગદર્શન આપી તેમની સમસ્યાઓનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ૧૨ લાખ રૂપિયાથી વધુની વાર્ષિક નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગ્રાહક સુરક્ષા કેન્દ્રના સહયોગથી અલગ કિસ્સાઓમાં કંપનીઓ દ્વારા ૫ હજાર રૂપિયાથી ૨૦ લાખ રૂપિયા સુધીનું વળતર ગ્રાહકોને ચૂકવવામાં આવ્યું છે. જેમાં વીમા કંપનીઓ, ટ્રાવેલ્સ, પશુ વીમા, રિસોર્ટ વગેરે કંપનીઓનો સમાવેશ થાય છે.

-----------------

## CM SWAGAT ON LINE

દર મહિને ચોથા ગુરૂવારે યોજાતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ ૨૨ ઓગસ્ટ ગુરૂવારને બદલે ૨૯ ઓગસ્ટના ગુરૂવારે યોજાશે. ગુજરાત વિધાનસભાના ત્રિ-દિવસીય સત્રને અનુલક્ષીને સ્વાગત ઓનલાઇન કાર્યક્રમના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે..નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ દર મહિને યોજાય છે.

. . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## Kolkata rape and murder case

રાજ્યમાં કોલકતાની ઘટનાના વિરોધના પગલે ભાવનગરની નંદકુવરબા મહિલા કોલેજ દ્વારા આજે રેલી યોજાઇ હતી. જ્યારે દીવના ડોક્ટર એસોસીએશન દ્વારા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

દરમિયાન સર્વોચ્ચ અદાલતે મેડિકલ ક્ષેત્રના વ્યાવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા રાષ્ટ્રીય કાર્યદળની રચના કરી છે. કોલકતાની હોસ્પિટલમાં એક ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યા કેસની સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડનાં વડપણ હેઠળની બેન્ચે ત્રણ સપ્તાહમાં વચગાળાનો અહેવાલ અને બે મહિનામાં અંતિમ અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવા રાષ્ટ્રભરમાં કાર્યપધ્ધતિ નક્કી કરવા ભલામણો મંગાવવા માટે ડોક્ટરોને સમાવતા રાષ્ટ્રીય કાર્યદળ રચવામાં આવ્યું છે.

દેશભરમાં ડોક્ટર્સ અને મેડિકલ વ્યાવસાયિકો માટે અસલામત કાર્ય વાતાવરણ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતાં અદાલતે જણાવ્યું કે, વર્તમાન કાયદાઓ ડોક્ટર્સની સલામતી માટે અપૂરતા છે.

દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કેન્દ્ર સરકારની તમામ હોસ્પિટલોનાં વડાઓને પત્ર લખીને હોસ્પિટલોમાં સલામતી વધારવા નિર્દેશ આપ્યો છે. મંત્રાલયે હોસ્પિટલનાં પ્રવેશદ્વાર, બહાર નીકળવાનો રસ્તો, કોરિડોર, અંધારી જગ્યા અને સંવેદનશીલ વિસ્તારો સહિતનાં વ્યૂહાત્મક સ્થળોએ પૂરતી સંખ્યામાં હાઇ રિઝોલ્યુશન સીસીટીવી કેમેરા ગોઠવવા જણાવ્યું છે.

દરમિયાન, નવી દિલ્હી સ્થિત આરએમએલ હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશને હડતાળ સમેટી લીધી છે.

. . . . . . . . . . . . . . . . .

## Ek ped maa ke naam- Mulubhai Bera

એક પેડમાં કે નામ અભિયાન અંતર્ગત, ઇડરના રાજચંદ્ર વિહાર ખાતે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્યકક્ષા મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં "મહાવાવેતર' અભિયાન યોજાયું.

સાબરકાંઠા વન વિભાગ અને સામાજિક વનીકરણ વિભાગ દ્વારા જિલ્લામાં ૫ હજાર ૧૬ હેકટર વિસ્તારમાં ૩૬ લાખ ૬૫ હજાર  રોપાઓનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઈડરના શ્રીમદ રાજચંન્દ્ર વિહાર ખાતે અંદાજે દસ

હજારથી વધુ દ્વારા સામુહિક રોપા વાવેતર અને હયાત રોપાઓને દીર્ઘાયુની કામના સાથે રક્ષાપોટલી બાંધવામાં આવી હતી. "મહાવાવેતર' અભિયાનમાં ડ્રોન દ્વારા મોટી સંખ્યામાં સીડ બોલ જંગલ વિસ્તારમાં છંટકાવ કરવામાં આવ્યો હતો.

રાજ્યમાં "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૮ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમજ ૭૫માં વન મહોત્સવ હેઠળ રાજ્યમાં લોકભાગીદારીથી ૫૦૦૦ "માતૃવન"નું નિર્માણ કરવામાં આવશે.

-----------------

## RAIN

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં બપોર બાદથી વાતાવરણમાં પલટો આવ્યો હતો, અને ગાજવીજ સાથે મુશળધાર વરસાદ તૂટી પડ્યો હતો. સાંબેલા ધાર વરસાદને કારણે રસ્તા ઉપરથી નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં એક કલાકમાં બે ઇંચ વરસાદ નોંધાયોહતો જ્યારે બે કલાક દરમિયાન 91 મીલીમીટર વરસાદ નોંધાયો છે. જ્યારે આજે બપોર બાદ પૂર્વ કચ્છના રાપર, ભચાઉ વિસ્તારમાં વરસાદ વરસતા જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ છે.. આ ઉપરાંત ભાવનગર, અમરેલી, વડોદરામાં પણ વરસાદ વરસ્યો હતો.

આ ઉપરાંત અમરેલી, મહિસાગરમાં પણ વરસાદને કારણે પાણી ભરાયાંહતાં..જ્યારે ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા આકડાં અનુસાર રાજ્યમાં લગભગ 73 ટકા વરસાદ વરસ્યો હતો..જેમાં

સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં લગભગ 90 ટકા  સૌથી ઓછો ઉત્તર ગુજરાતમાં 55 ટકા વરસાદ વરસ્યો છે..

સરદાર સરોવર ડેમમાં 87 ટકા કરતાવધુ જળસંગ્રહ છે, જ્યારે રાજ્યના 206 જળાશયોમાં 63 ટકા જેટલુ પાણી સંગ્રહાયેલુ છે.. જ્યારે 64 જળાશયો હાઇએલર્ટ પર છે..જ્યારે હવામાન વિભાગે આવતીકાલે માટે કોઇ ચેતવણી જાહેર કરી નથી, પરંતુ 22 ઓગષ્ટ બુધવારે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરીને યલો એલર્ટ જાહેર કર્યું છે.

--------

# NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- વલસાડ આરપીએફ કેમ્પમાં એક સબ ઇન્સ્પેક્ટરનું  ટ્રેનિંગ દરમિયાન મોત નિપજયું હતું.
- દીવનાં ઘોઘલામાં ખારવા સમાજ ધ્વારાદરિયા દેવના પૂજનનું - વાવટા પર્વની ઉજવણી કરાઇ.
- વડોદરાના 18 વર્ષીય  વરુણ સૈકિયાએ શહેરના તળાવોમાંથી પ્લાસ્ટિકનો કચરો સાફ કરવા માટે AI સંચાલિત સાધન બનાવ્યું છે.
- પોરબંદર એસ.ટી. ડેપોએ રક્ષાબંધનના તહેવારમાં ૫૪ એકસ્ટ્રા બસ દોડાવી ૩ લાખથી વધુની કમાણી કરી છે.
- પોરબંદર જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધા શ્રી દત્ત સાઈ વિદ્યાલય ખાતે યોજાઇ જેમાં ૧૩૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

- મહેસાણા જિલ્લામાં 63 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, 9 અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેલેરીયા, ડેન્ગ્યુ તેમજ ચિકનગુનિયા રોગ વિશે ખાસ શિક્ષણ અપાયું હતું.

-------------